# હોમ અને કાર લોન સસ્તી થશે

મુંબઇ,તા. ૫

પહેલી એપ્રિલથી હોમ અને કાર લોન સસ્તી થવાના સંકેત દેખાઇ રહ્યા છે. જેથી કેટલાક નિષ્ણાંતોની સલાહ છે કે આવાસ અને કાર ખરીદવા માટે ઇચ્છુક લોકોએ તેમની યોજના હજુ એક મહિના સુધી ટાળી દેવી જોઇએ. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ બુધવારે રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કર્યો હતો. જેથી સામાન્ય લોકોને ઇએમઆઇનો બોજ ઘટવાની શક્યતા છે. નિષ્ણાંતો માની રહ્યા છે કે આગામી બે મહિનામાં લોન સસ્તી થઇ શકે છે.જે લોકો આગામી એક મહિનામાં ફ્લોટિંગ હોમ લોન લેશે તેમને લોન સસ્તી પડી શકે છે. નાણાં રાજ્યપ્રધાન જયંતસિંહા કહી ચુક્યા છે કે રિઝર્વ બેંકના લોન સસ્તી કરવાથી અર્થતંત્રને ફાયદો થશે. રીઝર્વ બેંકે ગઇકાલે તમામ લોકોને આશ્ચર્યચકિત કરી દઇને રેપો રેટમાં ઘટાડો કરવાની જાહેરાત કરી દીધી હતી. રીઝર્વ બેંકે રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો આજે કર્યો હતો. આરબીઆઇએ રેપો રેટને ૭.૭૫ ટકાથી ઘટાડીને ૭.૫૦ ટકા કરી દીધો હતો. સંસદમાં નાણાં પ્રધાન અરૂણ જેટલીએ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કર્યું હતુ. તેમના બજેટના દિવસો બાદ જ રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જાન્યુઆરીમાં પણ પ્રથમ વખત કાપ મુકવામાં આવ્યા બાદ ગઇકાલે સવારે ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. કેશ રીઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરના દર યથાવત ચાર ટકા જાળવી રાખવામાં આવ્યો હતો. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલીટી રેટ અને બેંક રેટ તાત્કાલિક અમલ સાથે ૮.૫ ટકા કરવામા આવ્યો હતો. રિવર્સ રેપો રેટ ૬.૫ ટકા છે. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ ફુગાવો છેલ્લા ચાર મહિનાથી છ ટકાથી નીચે છે. રિઝર્વ બેંકે આજે રેપોરેટમાં કાપ મુક્યા બાદ આ અંગે જુદી જુદી પ્રતિક્રિયાઓ મળી છે જેમાં દેશના સૌથી મોટા મોર્ટગેજ ધિરાણદાર હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ એચડીએફસીએ કહ્યું છે કે, આ વર્ષે બીજા ૫૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો થઇ શકે છે.




## હોળી પર્વની ભવ્ય ઉજવણી બાદ આજે ધુળેટી

### રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને દેશના લોકોને શુભેચ્છા પાઠવી

નવી દિલ્હી,તા.૫

હોળીના પર્વની આજે અને સમૃદ્ધિની આશા રાખે છે. ભવ્ય સાંસ્કૃતિક પરંપરા ચારેય બાજુ પ્રગટાવવાને લઈને છેલ્લા બે-ત્રણ દિવસથી જ તૈયારીઓ ચાલી રહી યોજાય છે. દર વર્ષે દિન પ્રતિદિન વધુને વધુ સાવધાની પૂર્વક હોળીની કરવામાં આવે છે. બાળકો, મહિલાઓ અને પુરુષો તથા અન્ય





દેશભરમાં પરંપરાગત રીતે શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. હોળીની ઉજવણી બાદ આવતીકાલે ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હોળીના પ્રસંગે દેશના લોકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું છે કે, હોળી ખુશીઓનો તહેવાર છે. આ પ્રસંગે તેઓ દેશના લોકોને શુભેચ્છા આપે છે. તેમણે ઉમેર્યું છે કે, રંગોના આ તહેવારથી કોમી એકતા અને એકલાષને પ્રોત્સાહન મળે છે. તેઓ તમામ માટે ખુશી, સારા આરોગ્ય જળવાય તે અતિજરૂરી છે. બીજીબાજુ વડાપ્રધાન મોદીએ તમામને હેપ્પી હોલી કહીને શુભેચ્છા પાઠવી છે. હોળીના આ પ્રસંગથી લોકોને તમામ પ્રકારની ખુશી મળે તે જરૂરી છે. શુક્રવારના દિવસે ધુળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે.

જેને લઈને યુવા પેઢીમાં અને બાળકોમાં વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધુળેટીના એક દિવસ પહેલાં જુદી જુદી જગ્યાઓએ ધાર્મિક માહોલમાં હોળી પ્રગટાવવાના કાર્યક્રમો સાંજે યોજાયા હતા જેમાં જુદા જુદા સમુદાયના લોકો પણ એકત્રિત થયા હતા. હોળી હતી. સાંજે જુદા જુદા વિસ્તારોમાં સોસાયટીઓ, આવાસો નજીક હોળી પ્રગટાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હોળી પ્રગટાવવાને લઈને કેટલીક જરૂરી સૂચનાઓ આપી હતી જેથી વધારે સાવધાની રાખવામાં આવી હતી. અમદાવાદ ઉપરાંત ગુજરાત, દેશના અન્ય ભાગોમાં હોળી પ્રગટાવવાના કાર્યક્રમ મોડી રાત સુધી ચાલ્યા હતા જેમાં લોકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહારમાં હોળીની વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે. હોળીના દિવસે વિવિધ જુદા જુદા કાર્યક્રમો પણ પર્વની ઉજવણી થવા લાગી છે. કારણ કે જનજાગૃતિ ઝુંબેશ વ્યાપક પ્રમાણમાં હાથ ધરવામાં આવી છે. ઉપરાંત કલરોને લઈને પણ હમેંશા લોકો વધારે સાવધાન રહેવા લાગી ગયા છે. હોળી અને ધુળેટીની ઉજવણી માત્ર ભારતમાં જ નહીં બલ્કે નેપાળ અને વિશ્વના અન્ય ભાગોમાં પણ મનાવવામાં આવે છે. હવે તેની ઉજવણી યુરોપ અને ઉત્તર અમેરિકામાં પણ થવા લાગી છે. હોળીની ઉજવણી બે દિવસ થાય છે. જેના ભાગરૂપે હોળીના દિવસે હોળીકા દહનની પ્રક્રિયા યોજવામાં આવે છે. આગલા દિવસે પરંપરાગત રીતે રંગોના તહેવારની ઉજવણી પણ ઉત્સાહ પૂર્વક આમાં ભાગ લે છે. જુદા-જુદા કલરોનો ઉપયોગ આમાં કરવામાં આવે છે. લોકો એક-બીજાના ઘરની મુલાકાત લેતા હોય છે. મિત્રો અને દુશ્મનો પણ આ પ્રસંગે ભેગા થાય છે. પ્રાચીન માન્યતા પણ આની પાછળ રહેલી છે. જુદા-જુદા પ્રકારના ભોજનોની મઝા પણ આ પ્રસંગે માનવામાં આવે છે. ભાંગનું પણ આમાં મહત્વ રહેલું છે. આ તહેવારને અસત્ય પર સત્યની જીત તરીકે પણ ગણવામાં આવે છે.હોળીની ઉજવણી પાછળ મહારાજા હિરણ્યાકશ્યપની પટકથા જોડાયેલી છે. જેને ભગવાનનું નામ બિલકુલ પસંદ નહતું.

## રાહુલ પાંચ દિવસમાં પરત ફરશે : કમલનાથે દાવો કર્યો

નાગપુર,તા.૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગાંધી પરિવારના સૌથી નજીકના વિશ્વાસુ કમલનાથે આજે કહ્યું હતું કે, રાહુલ ગાંધી પાંચ દિવસમાં પરત ફરશે. હાલમાં સંસદનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે રાહુલ ગાંધી એકાએક રજા પર ઉતરી ગયા છે. એઆઈસીસીની બેઠકને લઈને પણ તૈયારી હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસના નેતાઓની દલીલ છે કે, રાહુલ ગાંધીએ બ્રેક લીધો છે, પરંતુ તેવી અટકળ પણ છે કે પક્ષની બાબતોને હાથ ધરવામાં તેમને સ્વતંત્રતા ન મળતા રાહુલ નિરાશ દેખાઈ રહ્યા છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી (આઈએમટી) ખાતે એક કાર્યક્રમમાં બોલતા કમલનાથે કહ્યું હતું કે, રાહુલ ગાંધીને પાર્ટીની લીડરશીપની જવાબદારી સોંપવામાં આવે તે જરૂરી છે. આનાથી તમામ બાબતો સરળ બનતી રહેશે. રાહુલ ગાંધી પક્ષની જવાબદારીને સંભાળી લેવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કમલનાથે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓમાં ભારે નિરાશા છે. જ્યારે કોઈ મામલો સોનિયા ગાંધીને સોંપવામાં આવે છે કે, તે મામલો રાહુલ પાસે પહોંચે છે. રાહુલ ગાંધી ફરી આ મામલો સોનિયા ગાંધીને મોકલે છે જેના પરિણામ સ્વરૂપે પક્ષના કાર્યકરોમાં ગુંચવણભરી સ્થિતિ છે. એપ્રિલ મહિનામાં એઆઈસીસીની બેઠક યોજાનાર છે, જેમાં રાહુલ ગાંધીની કોંગ્રેસ પ્રમુખ તરીકે તાજપોશી કરવામાં આવે તેવી શક્યતા છે. રાહુલ ગાંધી બજેટ સત્ર દરમિયાન જ રજા પર ઉતરી ગયા છે, જે ચિંતા સર્જે છે. પરંતુ કોંગ્રેસના કાર્યકરો માની રહ્યા છે કે, રાહુલ ગાંધી ટૂંક સમયમાં જ પરત ફરશે. રાહુલ ગાંધીના સસ્પેન્સને લઈને કોંગ્રેસ છાવણી ચિંતિત છે.

## ઇ- કોમર્સમાં ઉતરવા માટે રિલાયન્સે માંગેલી મંજૂરી


મુંબઈ,તા. ૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ઓનલાઈન રિટેલમાં ઉતરવા માટેની તૈયારી કરી લીધી છે. આના માટે રિલાયન્સે પોતાના શેરધારકોની મંજૂરી માંગી છે. કંપની હવે દેશના ઝડપથી વધી રહેલા ઈ-કોમર્સમાં લાભ ઉઠાવવા માટે ઈચ્છુક છે. આ માર્કેટનુ કદ વર્ષ ૨૦૧૯ સુધી ચાર ગણુ વધીને ૭૦ અબજ ડોલરની સપાટી પર પહોંચી શકે છે. મુકેશ અંબાણની કંપનીએ શેરધારકોને હાલમાં એક નોટીસમાં પ્રોડક્ટસ અને સર્વિસેઝની તમામ કેટેગરી માટે ઈ-કોમર્સ અને એમ-કોમર્સ વેબસાઈટ ઓપરેટ કરવા, બનાવવા, ઉપલબ્ધ કરવાવવા અને મેનેજ કરવા, ડાયરેક્ટ ટુ હોમ તેમજ મેલ ઓર્ડર સર્વિસેઝ તેમજ ભારત અને દુનિયાના કોઈ પણ હિસ્સામાં તમામ પ્રકારની વસ્તુઓમાં ડીલ કરવા ક્લોઝ સામેલ કર્યા છે. રિલાયન્સના પ્રવકતાએ કહ્યું છે કે સબ્સિડિયરીઝ મારફતે રિટેલિંગ અને ડિજીટલ સર્વિસેઝ સાથે જોડાયેલી કંપનીના પ્રયાસોથી આ પ્રવૃતિ સામેલ છે. આ બે કારોબારથી કંપનીના પ્રોડક્ટસના નેટવર્કમાં વધારો થશે અને બિઝનેસને પ્રોત્સાહન મળશે. આના કારણે શેરહોલ્ડરો માટે વેલ્યુમાં પણ વધારો થશે. કંપનીના ચેરમેન મુકેશ અંબાણી ટેલિકોમ, વેબ અને ડિજીટલ કોમર્સમાં મોટા પગલા સાથે આગળ વધવા ઈચ્છુક છે.

## દસ્તાવેજી ફિલ્મ દર્શાવ્યા બાદ બીબીસી સામે સકંજો

નવી દિલ્હી,તા. ૫

નિર્ભયા પરની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવા બદલ બીબીસી સામે પગલા લેવા સરકાર ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. દસ્તાવેજી ફિલ્મમાં પ્રસારણ અંગે પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં ભારત સરકારના પ્રતિબંધને ફગાવી દઈને આ ફિલ્મ દર્શાવાઈ હતી. નિર્ભયા ગેંગરેપ કેસના અપરાધિઓ પૈકીના એકના ઈન્ટરવ્યુ પર આધારિત આ ફિલ્મ છે. બ્રિટન સ્થિત બ્રિટીશ બ્રોડકાસ્ટિંગ




કોર્પોરેશને ભારતીય સમય મુજબ આજે વહેલી પરોઢે ૩.૩૦ વાગ્યે વિવિદાસ્પદ ફિલ્મનું પ્રસારણ કર્યુ હતું. એનસીડબલ્યુના લલીતાકુમાર મંગલમે કહ્યું છે કે, આનું પ્રસારણ નૈતિકરીતે ખોટું છે. જાવેદ અખ્તરે પણ આની સામે વાંધો ઉઠાવ્યો છે. રાજ્યસભા સાંસદ જાવેદ અખ્તરે કહ્યું છે કે, આ પ્રકારની દસ્તાવેજી ફિલ્મનો હેતુ ખૂબ જ ખતરનાક છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સંકેત આપ્યો છે કે સરકાર તેના પ્રતિબંધના આદેશને ફગાવી દેવા બદલ બીબીસી સામે પગલા લેવા વિચારી રહી છે. વિવાદાસ્પદ ફિલ્મ દર્શાવવા બદલ બીબીસી સામે કઠોર પગલા લેવાઈ શકે છે. બીજીબાજુ આજે વારાણસીના લોકો જાહેરમાં આવી ગયા હતા અને બીબીસી સામે દેખાવો કર્યા હતા. દિલ્હી પોલીસના કમિશનર બીએસ બસ્સીએ કહ્યું છે કે, દસ્તાવેજી ફિલ્મનું પ્રસારણ હવે ન થાય તેની ખાતરી માટે પગલા લેવાઈ રહ્યા છે. ચેનલે કહ્યું છે કે, નિયમોનો કોઈ ભંગ કરાયો નથી. આગામી દિવસોમાં આ મામલો વધુ ગંભીર બને તેવા સંકેત છે. બીજીબાજુ ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજાઈ હતી. જેમાં પગલા પર ચર્ચા થઈ હતી. લેસ્લી ઉડવીન સામે પગલા લેવાની વિચારણા ચાલી રહી છે.

## એએપીની પારદર્શક્તા હવે રહી નથી તેવા હેવાલ ખોટા

નવી દિલ્હી,તા.૫

એએપીના વરિષ્ઠ નેતા યોગેન્દ્ર યાદવે આજે કહ્યું હતું કે, પાર્ટીએ પારદર્શક્તા ગુમાવી દીધી છે તેમ તેઓ માનતા નથી. યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, પ્રશાંત ભૂષણ અને તેમની પીએસીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે તે કોઈ મોટી વાત નથી. કારણકે, આ સંદર્ભમાં નિર્ણય લેવાનો તમામ સભ્યોને અધિકાર રહેલો છે. યોગેન્દ્ર યાદવે એમપણ કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીનો વિચાર કોઈપણ કરતા પણ વધારે મોટો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ માનવા માટે કોઈ કારણ નથી કે પ્રશાંત ભૂષણ અને તેઓ પોતે આમ આદમી પાર્ટીના બે મહત્વના સભ્યો છે. બુધવારની બેઠકમાં કોઈપણ બાર્ગેનિંગ કરવામાં આવી નહતી. પક્ષના પ્રવક્તા તરીકે તેઓ હજુપણ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા યાદવે કહ્યું હતું કે, આ અંગે તેમને કોઈપણ સુચના અપાઈ નથી. એએપી અને અન્ય પાર્ટીઓ વચ્ચે કોઈ અંતર નથી તેમ માનવા માટે કોઈ જરૂર નથી. એએપીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકની વિગતો જાહેર કરવાનો પડકાર મયંક ગાંધીના બ્લોગમાં કરવામાં આવ્યો છે. તે અંગે પુછાતા યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, અંતે તમામ બાબતો જાહેર થઈ ચુકી છે. પરંતુ તેઓ પોતે બેઠકને લઈને કોઈ ટિપ્પણી કરશે નહીં. મયંક ગાંધી પોતે રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાના બ્લોગમાં મયંક ગાંધીએ કહ્યું છે કે, યોગેન્દ્ર યાદવ અને ભૂષણને દૂર કરવાનો નિર્ણય કાર્યકરોની ઈચ્છાની વિરોધમાં છે. મયંક ગાંધીએ તેમના બ્લોગમાં અન્ય કેટલીક બાબતોની પણ વાત કરી છે. વોટિંગ દરમિયાન ગેરહાજર રહેવાની બાબતનો પણ મયંક ગાંધીએ ઉલ્લેખ કર્યો છે. મયંક ગાંધીના નિવેદનથી એએપીમાં ખેંચતાણ વધુ સપાટી પર આવી છે.

## ટીવી-મોબાઈલ માટે સોની પ્લાન્ટ સ્થાપવા પૂર્ણ સજ્જ

નવી દિલ્હી,તા.૫

જાપાની કંપની સોનીએ આફ્રિકા અને મધ્ય પૂર્વના તેના માર્કેટ પર પ્રભુત્વ જમાવ્યા બાદ હવે મોબાઈલ ફોન અને ટેલીવિઝન બનાવવા માટે ભારતમાં પણ એક ફેક્ટરી સ્થાપિત કરે તેવી શક્યતા છે. નાણાં મંત્રી અરૂણ જેટલીએ હાલમાં જ કેન્દ્રીય બજેટમાં મેક ઈન ઈન્ડિયા ઉપર ભાર મુક્યો હતો. મોદી સરકાર ભારતમાં વિદેશી કંપનીઓને વધુ મહત્વ આપવા તૈયારી કરી રહી છે. તેમને રાહત મળે તેવો હેતુ છે. જેટલીએ બજેટમાં ઘણી બધી જોગવાઈ કરી હતી. ભારતમાં મેન્યુફેક્ચરીંગ કરવા કંપનીઓ માટે સસ્તી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. મોબાઈલ ફોનમાં નાણાં મંત્રીએ સ્થાનીક રીતે બનાવવામાં આવતા ફોન વચ્ચે એક્સાઈઝ ડ્યુટી અંતરને વધારી દીધો છે. આયાત કરવામાં આવતા ફોન પર ડ્યુટી વધારવામાં આવી હતી. સોની હાલમાં થાઈલેન્ડ, મલેશિયા, ચીન અને જાપાનમાં તેનું પ્રભુત્વ ધરાવે છે. સોની તેની પ્રોડક્ટ ભારતમાં થાઈલેન્ડ, મલેશિયા, ચીનમાંથી મંગાવે છે. સેમસંગ અને માઈક્રોમેક્સ જેવી ટોચની કંપનીઓ પહેલાથી જ ભારતમાં તેમના કેટલાક સાધનો બનાવતી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં સોની પણ હવે મોબાઈલ અને ટીવી માટે ફેક્ટરી સાબિત કરવાની યોજના ધરાવે છે. સેમસંગ અને માઈક્રોમેક્સને પડકાર ફેંકવા સોનીની કંપની પણ સંપૂર્ણપણે તૈયાર છે.

### કોહલી-ગેઇલ સહિત સ્ટાર ખેલાડી પર નજર

## ભારત-વિન્ડીઝ વચ્ચે આજે રોમાંચક વન-ડે

પર્થ,તા. ૫

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આવતીકાલે પર્થના વાકા મેદાન પર આવતીકાલે આઈસીસી વર્લ્ડ કપમા ગ્રુપ બીની એક મેચમાં ભારત વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાનાર છે. આ મેચમાં ભારે રોમાંચ જોવા મળી શકે છે. કારણ કે એકબાજુ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ તેના જીતના સિલસિલાને આગળ વધારવા માટે ઉત્સુક છે. જ્યારે બીજી બાજુ વેસ્ટ ઈન્ડિઝ પણ કેટલીક મેચોમાં કંગાળ દેખાવ કર્યા બાદ સાવધાન છે. મેચમાં સ્ટાર ખેલાડી પર નજર રહેશે. ધોની પહેલાથી જ કહી ચુક્યો છે કે ક્રિસ ગેઈલથી ખુબ સાવધાન રહેવુ પડશે. તેની બેટિંગ ખતરનાક સાબિત થઈ શકે છે. તે જ્યારે ફોર્મમાં હોય છે ત્યારે તમામ બોલરો તેની સામે નિસહાય થઈ જાય છે.મોટા ભાગના ક્રિકેટ ચાહકો અને નિષ્ણાંતો માની રહ્યા છે કે ભારતીય ખેલાડીઓના શાનદાર ફોર્મને જોતા આ મેચ એકતરફી બની રહેશે. પરંતુ હાલમાં નવા નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે તેવી સ્થિતીમાં કોઈ પ્રમાણમાં નબળી ટીમ સામે સ્ટાર ખેલાડીઓ કોઈ નવા રેકોર્ડ કરી શકે છે કે કેમ તેના પર હવે તમામની નજર રહે છે. ભારતે તેની હજુ સુધીની તેની ત્રણેય મેચો જીતી લીધી છે. જે પૈકી પ્રથમ મેચમાં ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતે તેના નજીકના હરિફ પાકિસ્તાન પર અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવી હતી. ત્યારબાદ ચોથી માર્ચના દિવસે યુઈએ પર જીત મેળવી હતી. ત્રણેય મેચો જીતી ભારત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચુક્યું છે. પરંતુ તે જીતના સિલસિલાને જાળવી રાખવા માટે મક્કમ છે.પોતાની ત્રણેય મેચ જીતી લીધા બાદ ભારત હવે ફેવરટી છે. વિરાટ કોહલી, સુરેશ રેના, મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન અને રહાણે પર તમામની નજર રહેશે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. શિખર ધવન છેલ્લે આફ્રિકા સામે શાનદાર સદી કરીને ટીમ મેનેજમેન્ટ અને ખેલાડીઓની ઓપનિંગને લઈને ચિંતા દુર કરી ચુક્યો છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. બન્ને ટીમોના રેકોર્ડ પર નજર કરવામાં આવે તો વિન્ડીઝ આગળ છે. તેમની વચ્ચે હજુ સુધી ૧૧૫ મેચો રમાઈ છે. જે પૈકી ભારતે ૫૨ અને વિન્ડીઝે ૬૦ મેચો જીતી છે. ભારતમાં તેમની વચ્ચે ૫૦ મેચો પૈકી ભારતે ૨૪ અને વિન્ડીઝે ૨૬ મેચો જીતી છે. જ્યારે વિન્ડીઝમાં તેમની વચ્ચે ૩૧ મેચો રમાઈ છે જે પૈકી ભારતે ૧૧ અને વિન્ડીઝે ૧૯ મેચો જીતી છે.

ભારત : શિખર ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, રહાણે, સુરેશ રૈના, ધોની, રવિન્દ્ર જાડેજા, સ્ટુઅર્ટ બિન્ની, મોહિત શર્મા, આર અશ્વિન, મોહમ્મદ સામી, ઉમેશ યાદવ

## સુરક્ષા ઉપર ખતરો : હવાઈ દળ અડધી તાકાત પર સક્રિય

નવી દિલ્હી,તા. ૫

દેશની સુરક્ષાની જવાબદારી સંભાળનાર હવાઈ દળ હાલમાં અડધી તાકાત પર સક્રિય છે. જેથી સુરક્ષા સામે સંકટના વાદળો ઘેરાયેલા છે. હવાઈ દળની પાસે નિર્ધારિત ૪૨ કોમ્બેટ સ્કવાડ્રોનની સામે માત્ર ૨૫ સ્કવાડ્રોન છે. આમાં પણ ૧૪ યુદ્ધ કાફલા વર્ષ ૨૦૧૫માં નિવૃત થનાર છે. હવાઈ દળમાં યુદ્ધ વિમાનોના કાફલામા ઓછી સંખ્યા હોવાના કારણે ભારે તકલીફ થઈ શકે છે. આ મામલે ચિંતા વ્યક્ત કરીને હાલમાં સંસદીય સમિતીની બેઠક યોજાઈ હતી. જેમાં હવાઈ દળના આધુનિકીકરણ અને પડોશી દેશોથી રહેલા ખતરાને ધ્યાનમાં લઈને સ્થિતીને મજબુત કરવાના પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. નાણાંની આવી રહેલી અડચણોના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. ભાજપના નેતા બીસી ખંડુરીના નેતૃત્વમાં આ સમિતીએ સંસદની સમક્ષ રજૂ કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે હવાઈ દળને દેશના બન્ને તરફના ખતરાને પહોંચી વળવા માટે ૪૫ યુદ્ધ સ્કવાડ્રનની જરૂર છે. સરકાર તરફથી માત્ર ૪૨ સ્કવાડ્રોન નક્કી કરવામાં આવ્યા છે.આ ૪૨ પૈકી પણ હજુ માત્ર ૨૫ સ્કવાડ્રોન જ અમારી પાસે છે. અમારી યુદ્ધ ક્ષમતા ખુબ નીચે જતી રહી છે. અહેવાલમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે અમારા પડોશી દેશોની સરખામણીમાં અમારી તાકાત ખુબ ઝડપથી ઘટી રહી છે. જરૂરી વાસ્તવિક ક્ષમતાની વચ્ચે અંતર વધતા ભવિષ્યમાં વધારે તકલીફ પડી શકે છે. સંરક્ષણ જરૂરીયાતોની અવગણના કરવાની બાબત ઘાતક સાબિત થઈ શકે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૫ સક્રિય યુદ્ધ વિમાનોમાંથી ૧૪ મિગ-૨૧ એસ અને મિગ-૨૭ એસ વિમાનો છે. જેને વર્ષ ૨૦૧૫માં નિવૃત કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં ૨૦૨૪ સુધી વર્તમાન તાકાતમાં માત્ર ૧૧ સ્કવાડ્રોન જ રહી જશે.હવાઈ દળને હજુ ૨૭૨ સુખોઇ -૩૦ એમકેઇ વિમાન મળનાર છે.

## સમાચાર ઝલક

- ધુળેટીના તહેવારમાં સ્વાઈન ફલુના રક્ષણ માટે કડક નિયમો બનાવાયા. ૧૪૪ની કલમ લાગુ કરાઈ.
- વડોદરા સયાજી હોસ્પિટલમાં બાળકોને ઉઠાવી જતી મહિલા ઝડપાઈ.
- અમદાવાદ વિમાની મથકે 33 લાખના સોના સાથે રાજકોટનો યુવક ઝડપાયો.
- દક્ષિણ કોરિયામાં અમેરિકન રાજદૂત પર જીવલેણ હુમલો.
- ઈરાકમાં બંધક બનેલા ૧૮૦ ભારતીયો મુક્ત થયા. ભારત પાછા ફર્યા.
- પિચકારીમાં પણ ‘છોટા ભીમ’ અને ‘ડોરેમોન’ મચાવી રહ્યાં છે ધૂમ.
- મારૂતિ ઝુઝુકીની નવી કાર જલ્દી ભારતમાં મચાવશે ધૂમ.
- મુકેશ અંબાણીએ અબજોપતિમાં ટોચનું સ્થાન ગુમાવ્યું.
- શેરબજારમાં આજે સપાટ કારોબાર રહ્યાં.
- બાજીરાવ રણવીર શૂટ દરમિયાન ઘોડા પરથી પડતા થયો ઈજાગ્રસ્ત.